# માણસાના બજારમાં ધિંગાણું



**૧૦ ઘાયલ : ટોળુ લાકડીઓ અને પાઈપો લઈને બજારમાં દોડી આવ્યુ ને દુકાનના શટરો પડાવી તોડફોડ અને મારઝુડ શરૂ કરી દીધી : બે દિવસ પહેલા બાઈક ચલાવવા બાબતે થયેલી બબાલની અદાવતમાં ધિંગાણુ થયુ હોવાની શક્યતા : ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત**

ગાંધીનગર, તા. ૮

માણસા ખાતે બજારમાં આજે બપોરના અરસામાં યુવાનોના ટોળાએ ધિંગાણુ મચાવ્યુ હતુ. કોઈ નજીવી બાબતે ટોળાએ બજાર બંધ કરાવવાનું શરૂ કરી દીધુ અને લાકડી અને પાઈપો વડે તોડફોડ શરૂ કરી જે વ્યક્તિઓ હાથમાં આવ્યા તેમની સાથે મારઝુડ શરૂ કરી દીધી હતી. આ ટોળાએ કરેલા તોફાનમાં ૧૦ જેટલી વ્યક્તિઓ ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. માણસામાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. જેને પગલે જિલ્લાની પોલીસ માણસામાં ખડકી દેવામાં આવી છે.

જિલ્લાના માણસા ખાતે બે દિવસ પહેલા બે યુવાનો બાઈક લઈને બજારમાંથી ફુલ સ્પીડે જતા હતા ત્યારે કોઈએ તેમને ઠપકો આપતા વાહનના કાચની તોડફોડ કરાઈ હતી. આ ઘટના બાદ આજે ૧૫૦થી વધુ યુવાનોનું ટોળુ માણસાના બજારમાં ધસી ગયુ હતુ. બપોરે લાકડી-ધોકા અને પાઈપો લઈને નીકળી પડેલા ટોળાએ દુકાનો અને વાહનોમાં તોડફોડ શરૂ કરી દીધી હતી. ૧૦ થી વધુ વ્યક્તિઓ ઉપર હૂમલો કરાતા





તમામ ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ ટોળાએ તોડફોડ અને ધમાલ શરૂ કરી દેવાતા મેસેજ પોલીસને મળતા પોલીસની ટીમો દોડતી થઈ ગઈ હતી. અને ટોળા પૈકી કેટલાકને દબોચી લેવાયા હતા. જ્યારે માણસામાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિને પગલે રાઉન્ડ ધ ક્લોક પોલીસ બંદોબસ્ત તૈનાત કરી પેથાપુર, કલોલ અને માણસા પોલીસ ઉપરાંત એલસીબી, એસઓજીની ટીમો માણસામાં ખડકી દીધી છે. માણસા પોલીસે રાયોટીંગનો ગુનો દાખલ કરી હુમલાખોરોને પકડવા તજવીજ શરૂ કરી છે.







## માણસાના વેપારીઓએ બંધનું એલાન આપ્યુ

માણસામાં બનેલી આ ઘટનાને પગલે સાંજે વેપારી મંડળોએ બેઠક બોલાવી હતી. વેપારીઓ દ્વારા બેઠકના અંતે ત્રણ દિવસ બજાર બંધ રાખવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યુ છે. વેપારીએ આપેલા બંધના એલાનને પગલે માણસાનું બજાર ત્રણ દિવસ બંધ રહે તેવી શક્યતા છે.

## મધુર ડેરીએ ઉજવ્યો 'મધુર મહિલા ગૌરવ દિન'

ગાંધીનગર, તા.૮

ખેતી અને પશુપાલન એ ખૂબ મોટો વ્યવસાય છે અને એમાં પણ સૌથી વધુ સમયનો ભોગ આપતી હોય તો તે છે મહિલા. 'નારી તું નારાયણી'ના મર્મ સાથે ગાંધીનગર જિલ્લાના મહિલા પશુપાલકો તથા ડેરીમાં કામ કરતી મહિલા કર્મચારીઓનું મધુર ડેરી દ્વારા વિશેષ સન્માન કરવા 'મધુર મહિલા ગૌરવ દિન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દૂધ મંડળીઓના મહિલા ચેરમેનશ્રીઓ, સભાસદો તેમજ મધુર ડેરીની મહિલા કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લાની મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાના નેતૃત્વવાળા નિયામક મંડળમાં ૩૩ ટકા મહિલાઓ નિયામક છે. મહિલા સંચાલિત દૂધ મંડળીઓની સંખ્યા પણ ધીરે ધીરે વધી રહી છે ત્યારે મહિલા સશકિતકરણનો વિચાર ખરેખર અમલમાં મૂકાય છે. મધુર ડેરીના ઈન્ચાર્જ એમ.ડી. તરીકે પણ હાલમાં એક મહિલાને નિમણૂંક આપવામાં ડેરીના સંચાલક મંડળ અને ચેરમેનની મહિલા પ્રત્યેના સન્માન અને સોચનું એક સચોટ ઉદાહરણ છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહિલા આગેવાનોએ સુશાસન, પ્રમાણિકતા અને સાહસ સાથે પશુપાલન ક્ષેત્રે નવીન પ્રયોગ અને પહેલ કરી, સંગઠન અને જિલ્લા સંઘને વધુ મજબૂત કરવાનો બોધપાઠ પણ લીધો હતો.

ડીજીટલ ઈન્ડિયાના ભાગરૂપે ૨૦૦થી વધુ સંખ્યામાં




ઉપસ્થિત મહિલાઓ અને મંડળીઓના ચેરમેનોને આ કાર્યક્રમમાં દૂધ સંપાદન અને વ્યવસાયમાં ઓનલાઈન ઓટોમેટિક મિલ્ક કલેકશન સિસ્ટમની માહિતી પણ આપવામાં આવી હતી. બધી મંડળીઓ પારદર્શક વહીવટ કરે અને સભાસદોને સચોટ માહિતી મળી રહે તે માટે તમામ મંડળીઓને આ સિસ્ટમમાં જોડાવવા અનુરોધ પણ કર્યો હતો. મહિલા દિનની આ દબદબાભેર ઉજવણી માટે સૌ મહિલાઓએ ડેરીના ચેરમેનનો આભાર વ્યકત કર્યો હતો.

## વિદ્યાર્થીઓ નિર્ભય માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે પારદર્શક આયોજન

**પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં અસામાજિક તત્વો ન પ્રવેશે તે માટે પુરતો બન્દોબસ્ત ઝેરોક્ષ સેન્ટરો પણ બંધ રહેશે : પરીક્ષા સેન્ટર પર મોબાઇલ સહીતના ઉપકરણો લઇ જવા પર પ્રતિબંધ**

ગાંધીનગર તા ૮

આગામી બોર્ડ પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં યોજાય તે માટે શિક્ષણતંત્ર દ્વારા સુંપુર્ણ તૈયારી કરી દેવામાં આવી છે. પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટરની ત્રિજયાના અંતરમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ , પેજર સહીતના ઈલેક્ટ્રીક ડિવાઈસ જેવા સાધનો લઈ જવા પર પ્રતિબંધ પણ મુકવામાં આવ્યો છે. પરીક્ષા સેન્ટરો આસપાસ કોઈપણ જાતના અસામાજિક તત્વો ન ફરકે તેમજ શાંતિ ન જોખમાય તેવી પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આગામી તા ૧૨ માર્ચ થી શરૂ થનારી ધોરણ - ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી બેઠક વ્યવસ્થા તેમજ પરીક્ષાના પારદર્શક આયોજન માટે સંપુર્ણ તૈયારી કરી દેવામાં આવી છે. જેમાં પરીક્ષા સ્થળો પર સી સી ટી વી કેમેરાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જયારે પરીક્ષા સ્થળો પર સી સી ટી વી કેમેરા ન હોય તેવા સ્થળોએ ટેબલેટ મુકવાનુ પણ આયોજન કરી દેવાયુ છે.

આ ઉપરાંત પરીક્ષા સેન્ટરો આસપાસ કોઈપણ અસામાજિક તત્વો અડ્ડો ન જમાવે તે માટે પુરતા પોલીસ બન્દોબસ્તની સાથે આસપાસની ૧૦૦ મીટરની ત્રિજયામાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા માટે પણ સુચના આપી દેવામાં આવી છે. પરીક્ષા સેન્ટરો પર કોઈપણ પ્રકારના બિનઅધિકૃત વ્યકિતના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જયારે પરીક્ષા કેન્દ્ર પર મોબાઈલ ,પેજર સહીતના ઈલેકટ્રીક ડીવાઈસ લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત કોઈપણ પ્રકારના સાહીત્ય લઈ જવા પર મનાઈ ફરમાવામાં આવી છે.

## સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા દ્વીઅંકી નાટક યોજાયું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાત સંગીત નાટક અકાદમીના સહકારથી ટાઉનહોલ ખાતે તા. ૬ઠ્ઠી માર્ચના રોજ રાજકોટની પ્રસિધ્ધ નાટક સંસ્થાનું 'એક સંબંધ-સાવ અચાનક' નામનું દ્વીઅંકી સામાજિક હાસ્યપ્રધાન નાટક યોજાયું હતું. આ નાટકને સફળ બનાવવા ટ્રસ્ટના સભ્યોએ સારો સહયોગ આપ્યો હતો.

આ પ્રસંગે સમાજમાં વિશિષ્ટ પ્રદાન કરનાર જીલુભા ધાધલ, ભરતસિંહ બોરાણા, નિલેન્દુ વોરા, ઈન્દુબેન નિમાવત વગેરે પ્રતિભાશાળી મહાનુભાવોનું સન્માન કરી તેમની અનન્ય સેવાની સરાહના કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગુજરાત સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને ગુજરાત સ્પોર્ટ ઓથોરિટીના સચિવ ડી.ડી. કાપડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રદીપ ગગલાણીએ કર્યું હતું તેમ મગનભાઈ કાકડિયાએ જણાવ્યું હતું.

## હેન્ડબૉલની આઈએચએફ જુનિયર ટ્રોફી માટે 'સાઈ'ના ૪ ખેલાડીઓની પસંદગી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સાઈના હેન્ડબૉલના ચાર ખેલાડીઓ આગામી તા. ૧૦મી માર્ચથી પાકિસ્તાનના ફૈઝલાબાદ ખાતે યોજાનાર









આઈએચએફ ચેલેન્જ ટ્રોફી રમવા માટે ભારતીય ટીમમાં સામેલ કરાયા છે. આ ખેલાડીઓ સાથે ભારતીય ટીમ પાકિસ્તાન ખાતે જવા રવાના થઈ છે.

ઈન્ટરનેશનલ હેન્ડબૉલ ફેડરેશનની પ્રતિષ્ઠિત આઈએચએફ ચેલેન્જ ટ્રોફી પાકિસ્તાનના યજમાનપદે યોજવામાં આવી છે. આ સ્પર્ધા એશિયાના સાઉથ અને સેન્ટ્રલ ઝોન માટે યોજાઈ રહી છે. જેમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, માલદિવ્ઝ, નેપાળ, પાકિસ્તાન, શ્રીલંકા, યેમેન સહિત ભારત મળીને ૮ દેશો ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધામાં જુનિયર ટ્રોફીની અન્ડર-૨૦ અને અન્ડર-૧૮ કેટેગરી માટે ભારતીય ટીમમાં ગાંધીનગર ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચાર તાલીમાર્થી ખેલાડીઓ સામેલ કરાતા શહેરના ખેલરસિકોમાં આનંદની લાગણી પ્રવર્તાવા પામી છે. આ ખેલાડીઓમાં સુમિત રામવીર, દિનેશકુમાર, શુભમકુમાર અને સુમિતનો સમાવેશ થાય છે. જેમાં દિનેશની પસંદગી ગોલ કિપર તરીકે કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ચારેય ખેલાડીઓ સાઈના સિનિયર કોચ શશિમોહન ધુમાલ પાસે છેલ્લા ૪ વર્ષથી તાલિમ મેળવી રહ્યા છે.

## એન.કે. શાળાના વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં મહિલાઓના યોગદાન અંગે ચર્ચા

ગાંધીનગર, તા.૮

એન.કે. હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલા વિદાય સમારંભમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલા શિક્ષકો અને વિદ્યાર્થીનીઓના સમાજમાં સ્થાન અને યોગદાન પર શિક્ષકો અને ટ્રસ્ટીઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. શાળાના વિદાય સમારોહમાં સેકટર-૨૮ સ્થિત નવગુજરાત કોમર્સ કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા કૌશલ પ્રજાપતિ અને પુજા મિસ્ત્રી દ્વારા 'કોલેજ જીવન અને ભવિષ્ય પર તેનો પ્રભાવ' અંગે સમજ આપવામાં આવી હતી. ચર્ચામાં વિદ્યાર્થીઓએ કૌશલ અને પુજાને મળીને પોતાની મૂંઝવણો દૂર કરી હતી. આ ઉપરાંત, સમારોહમાં વિદ્યાર્થીઓએ અલ્પાહાર લીધા બાદ શિક્ષકોના આશીર્વાદ પણ લીધા હતા.

## માણસાના ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના વિધાર્થીઓ જોગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા શિક્ષણા ધિકારીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં માર્ચ-૨૦૧૮ની બોર્ડની પરીક્ષા યોજાનાર છે. જે અંતર્ગત માણસા તાલુકાના ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં જુનું પરીક્ષા કેન્દ્ર આર.બી.એલ.ડી. હાઈસ્કૂલ, માણસા હતું, જે બદલીને એસ.એસ. ચૌધરી વિધાલય, માણસા કરવામાં આવ્યું છે. જેની નોંધ વિધાર્થીઓ, વાલીઓ અને કેન્દ્ર સંચાલકોને લેવા જણાવ્યું છે.

## જ્યોતિ મહિલા મંડળે વિશ્વ મહિલા દિનની ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની જ્યોતિ મહિલા મંડળે પ્રતિ વર્ષની જેમ વિશ્વ મહિલા દિને 'વિશ્વ મહિલા' સપ્તાહનું આયોજન કર્યુ હતુ. જેમાં શહેરની ૧૧૦૦ થી વધારે બહેનોએ ભાગ લઈ સફળતા પ્રદાન કરી હતી.

સપ્તાહના પ્રારંભે આઈપીએસ અધિકારી મીરા રામ નિવાસે કડી સર્વવિદ્યાલયની ૧૦૦૦ વિદ્યાર્થિનીઓને સ્ત્રી સશક્તિકરણ બાબતે પોતાની આંતરીક શક્તિને જગાડી સામેના અસામાજિક તત્વોને પડકાર ફેંકી મહાત કરવા આહવાન કર્યુ હતુ. આ ઉપરાંત સ્વબચાવ માટેના સાધનો પણ જરૂરી પડ્યે પાસે રાખી ચલાવવા અને વાપરવા માર્ગદર્શન આપ્યુ હતુ. વિવિધ સનદી અધિકારીઓની જેમ વિદ્યાર્થિનીઓ જાતે પોતાની કારકિર્દી પણ ઘડવી જોઈએ અને આ ક્ષેત્રોમાં આગળ આવી રાષ્ટ્રની સેવામાં જોડાવવું જોઈએ.

આ કાર્યક્રમમાં ૧૧૪ જેટલી બહેનોએ કેલ્શિયમની ઉણપ નિવારવા માટે બોન ડેન્સીટી ટેસ્ટની જાગૃતિ દર્શાવી હાડકાના રોગોથી બચવા માટે સહયોગ આપ્યો હતો. ડૉ. વિજય ઉપાધ્યાયે સુંદર સહયોગ આપ્યો હતો. ઉપરાંત પરંપરાગત લગ્નગીતો, મંગળાષ્ટકની પ્રાચીન અને અર્વાચીન કૃતિઓ પ્રસ્તુત બહેનોએ કરી હતી. જેમાં પ્રથમ ક્રમે કચ્છ કાઠિયાવાડ સમાજ, બીજા ક્રમે રાજપુત સમાજ ગૃપ અને ત્રીજા ક્રમે ગોપી મંડળ વિજેતા રહ્યા હતા. જ્યોતિ મહિલા મંડળ કાનૂની શિક્ષણ શિબિર અને ગર્ભાશય તેમજ બ્રેસ્ટ કેન્સરના કાર્યક્રમો પણ યોજવાનુ છે. આમ વિશ્વ મહિલા દિવસની ઉજવણીમાં લત્તાબેન ચોકસી, નીરૂબેન નાયક, હર્ષાબા ધાધલ, કોકીલાબેન નાયક, આશાબા સરવૈયા, કુમુદ જોષી, ડૉ. ચેતના બુચે ભારે જહેમત ઉઠાવી હતી.



## ડભોડા એમ.એચ. વિદ્યામંદિરના આચાર્યનો વિદાય સમારંભ

ગાંધીનગર તાલુકાના ડભોડા કેળવણી મંડળ સંચાલિત એમ.એચ. વિદ્યામંદિરમાં આચાર્યનો વિદાય સમારંભ સંસ્થા ખાતે યોજવામાં આવ્યો હતો. વિદ્યામંદિરમાં આચાર્ય તરીકે ફરજ બજાવતાં અશોક મોદીને તેમની વિવિધ શૈક્ષણિક સેવા માટે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાના હસ્તે સન્માનપત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ દિલીપ પટેલ, નિવૃત્ત આચાર્ય દિનેશ ચૌધરી, સમાજન આગેવાનો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.